શિક્ષણનો અધિકાર

સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

NIPUN BHARAT
પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

સમગ્ર શિક્ષા, સુરત મ્યુ. કોર્પોરેશન
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ શાળા નં.-૧૩૧
સંઘાડીયાવાડ, ગોપીપુરા, સુરત - ૩૯૫૦૦૧
ફોન નં.- ૦૨૬૧ - ૨૪૯૨૦૨૮
ટોલ ફ્રી નં. – ૧૮૦૦-૨૩૩-૨૦૨૮
ઈ-મેઈલ – adpcsmc@gmail.com

ક્રમાંક: સમગ્ર શિક્ષા /એમ આઈ એસ /યુડાયસ/૨૦૨૩-૨૪/૮૯૧૯-૨૦ તા:૦૧/૦૭/૨૦૨૪

**<u>અતિ અગત્યનું/સમય મર્યાદા (છેલ્લી તક)</u>**

પ્રતિ, આચાર્યશ્રી
પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા તમામ
સરકારી, અનુદાનિત અને નોન ગ્રાન્ટેડ શાળા તમામ
જિલ્લો- સુરત

**વિષય :** શૈક્ષણિક વર્ષ-૨૦૨૩-૨૪ અંતગર્ત UDISE સ્ટુડન્ટ મોડયુલમાં શાળાઓમાં અભ્યાસ કરતાં તમામ વિધાર્થીઓની General Information, Enrolment Details તથા Facility and Other Details અપડેશન અને DROPBOX લીસ્ટના બાળકોને શાળામાં ટ્રેક(ઈમ્પોર્ટ) કરવા બાબત

**સંદર્ભ :**(૧) રાજ્ય કચેરી દ્વારા તા-૨૯-૦૬-૨૦૨૪ના રોજ મળેલ સુચના અન્વયે
(૨) અત્રેની કચેરીનો પત્રક્રમાંક:સમગ્ર શિક્ષા/MIS/યુડાયસ /૨૦૨૪/૩૯૮૮-૫૬૯૯, તા૦૩/૦૪/૨૪

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ગત શૈક્ષણિક વર્ષ-૨૦૨૩-૨૪ UDISE+ અંતર્ગત Student Module નો રીપોર્ટ તા-૨૯/૦૬/૨૦૨૪ ના રોજ મોકલી આપેલ છે, વિધાર્થીઓની General Information, Enrolment Details તથા Facility and Other Details અપડેશન અંતગર્ત UDISE+ ના શાળાના લોગીનમાં DropBoxમાં રહેલ વિધાર્થીઓને Import કરાવવાના રહેશે.

વધુમાં આપની શાળામાંથી ગત શૈક્ષણિક વર્ષ-૨૦૨૩-૨૪ દરમ્યાન જે વિધાર્થી અન્ય બીજી શાળામાં ગયેલ હોય કે શાળા છોડી ગયેલ છે તે વિધાર્થીઓનું લીસ્ટ આપની શાળાના UDISE+ લોગીનમાં List Of All Students માં Dropbox Students માં સામેલ છે. જેમાં આપેલ વિકલ્પ પૈકી લાગુ પડતું વિકલ્પ પસંદ કરી સ્ટેટસ અપડેટ કરવાનું રહેશે.

અન્ય જીલ્લામાંથી આપની શાળામાં પ્રવેશ મેળવેલ વિધાર્થીને આપની શાળાના UDISE+ માં Import કરવાની કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

આ બાબતે કોઈ પણ ટેકનીકલ સમસ્યા હોય તો CRC મારફત આપના BMIS/ ડેટા એન્ટ્રી ઓપરેટરનો સંપર્ક કરવાનો રહેશે તથા ઉપરની તમામ કામગીરી પૂર્ણ કર્યા બાબતનું પત્ર સાથે સામેલ પ્રમાણપત્ર તા-૦૪-૦૭-૨૦૨૪ને ગુરુવારના રોજ CRC કક્ષાએ બિનચૂક જમા કરાવવાનું રહેશે. જો આ કામગીરી પૂર્ણ કરી પ્રમાણપત્ર જમા કરાવવામાં નહિ આવે તો શાળાના આચાર્યશ્રીની જવાબદારી નક્કી કરી નિયમાનુસારની કાર્યવાહી કરવામાં આવશે.

<u>નોંધ : ઉપરોક્ત તમામ કામગીરી અંગેનું માર્ગદર્શન અને કામગીરી પૂર્ણ કરાવવાની અંગત જવાબદારી CRC ની રહેશે, CRCએ સદર કામગીરીનો શાળાઓના પ્રમાણપત્રો સાથેનો અહેવાલ તા-૦૪-૦૭-૨૦૨૪ને ગુરુવારના રોજ સાંજે ૫:૦૦ કલાકે કચેરીના વડા(DEO,DPEO,AO)ને જમાં કરાવવાનો રહેશે.</u>

બિડાણ:યુઝર મેન્યુઅલ

શાસનાધિકારી
ન.પ્રા.શિ.સ.સુરત

જિલ્લા પ્રોજેક્ટકો.ઓર્ડીનેટર અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
સમગ્ર શિક્ષા,સુરત

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ.સુરત

નકલ રવાના : યુ.આર.સી.કો. ,બી.આર.સી. કો./સી.આર.સી. કો. તમામ,સુરત શહેર,સુરત ગ્રામ્ય

# <u>કામગીરી પૂર્ણ કર્યા બાબતનું પ્રમાણપત્ર</u>

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, સુરત જીલ્લાની CRC નંબર /નામ.................................................................................. અંતગર્ત સમાવિષ્ટ શાળાનું નામ ................................................................................ સરનામું....................................... UDISE કોડ … … … … … … … … … … … … માં UDISE+ લોગીનમાં List Of All Studentsમાં Dropbox Studentsમાં બતાવેલ વિધાર્થીઓનું Schooling Status (વર્ષ 2023-24) અપડેટ કરવામાં આવેલ છે જે અમારા દ્વારા UDISE લોગીનમાં જાતે ચકાસેલ છે અને અપડેટ કરેલ છે.

સ્થળ:

તારીખ: આચાર્યના સહી સિક્કા

CRC નું નામ અને સહિ : -----------------------------------------

UDISE+

Department of School Education & Literacy
Ministry of Education
Government of India




# UDISE+ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ અંતર્ગત

# STUDENT MODULEમાં વિદ્યાર્થીઓના

# Promotion/Progression કરવા અંગેની માર્ગદર્શિકા

શિક્ષણનો અધિકાર


સમગ્ર શિક્ષા

સૌ ભણે, સૌ આગળ વધે

NIPUN BHARAT


Azadi Ka Amrit Mahotsav

શાળાએ ગત શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ના વિદ્યાર્થીઓને ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં **Promote કરવા માટે લિંક** [https://sdms.udiseplus.gov.in/p2/v1/login](https://sdms.udiseplus.gov.in/p2/v1/login) **વેબ બ્રાઉઝરમાં open કરવી જેથી નીચે દર્શાવ્યા મુજબનું વેબ પેજ ખૂલશે.**




જેમાં USER IDની વિગતમાં શાળાનો ૧૧ અંકનો UDISE શાળા કોડ ટાઈપ કરવો જ્યારે Passwordની વિગતમાં શાળાએ આપેલ મોબાઈલ નંબર પર SMSથી મળેલ Password ટાઈપ કરવાનો રહેશે. **Captcha ની વિગતમાં લાલ અક્ષર(Red font) માં** દર્શાવેલ દર્શાવેલ ૬ (છ) અંકનો કોડ ટાઈપ કરવાનો રહેશે. ત્યારબાદ Login બટન પર Click કરવાનું રહેશે.


- Login બટન પર Click કરતા નીચે મુજબની Screen ખૂલશે.




જેમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ તથા ૨૦૨૨-૨૩ દર્શાવતુ પેજ ખૂલશે.

અહીં શાળાએ **<u>શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪</u>**ના બટન પર **<u>Click</u>** કરવાનું રહેશે.


**<u>શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪</u>**ના બટન પર **<u>Click</u>** કરતા નીચે મુજબની **<u>Screen</u>** ખૂલશે.




જેમાં ગત શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ના શાળાના ધોરણવાર સેક્શન/વિભાગ મુજબ વિદ્યાર્થીઓની સંખ્યા દર્શાવેલ હશે.

ગત શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ના વિદ્યાર્થીઓને ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં **Promote કરેલ ન હોવાથી** વિદ્યાર્થીઓની સંખ્યા ઉપરોક્ત પેજમાં શૂન્ય (૦) દર્શાવેલ છે.

હવે શાળાએ વિદ્યાર્થીઓને શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં **Promote કરવા પેજની ડાબી બાજુએ દર્શાવેલ** **Progression Activity** બટન પર **Click** કરવાનું રહેશે.





**Progression Activity** બટન પર **Click** કરતા નીચે મુજબનું પેજ ખૂલશે.




ઉપરોક્ત પેજમાં Progression Module, Import Module અને Drop box/Inactive Student List જેવા ત્રણ **ICON** દેખાશે.

અહીં શાળાએ સૌ પ્રથમ **Progression Module icon**માં દર્શાવેલ **Go** બટન પર **Click** કરતા નીચે મુજબની **Screen** ખૂલશે.




જેમાં શાળાએ ગત શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ના ધોરણવાર વિદ્યાર્થીઓને ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં **Promote કરવા માટે** ઉપરોક્ત પેજમાં દર્શાવેલ **Select Class**માં ધોરણ તથા **Select Section**માં તે ધોરણમાં કાર્યરત સેક્શન/વિભાગ પસંદ કરી **Go** બટન પર **Click** કરવાનું રહેશે.

દા.ત. શાળાએ ધોરણ-૧ના વિદ્યાર્થીઓને **Promote કરવા માટે** **<u>Select Class</u>**માં ધોરણ-૧ તથા **<u>Select Section</u>**માં **<u>A</u>** પસંદ કરી **<u>Go</u>** બટન પર **<u>Click</u>** કરતા શાળાના ગત વર્ષ ૨૦૨૨-૨૩ના ધોરણ-૧ના સેક્શન **<u>A</u>**ના વિદ્યાર્થીઓની યાદી દર્શાવતું પેજ ખૂલશે.




Student List for Promotion (Class - I | Section - A )

Filter


| Student Code (National / State) | Student Basic Details | Progression Status (2022-23) | Marks % (2022-23) | No. of Days School attended (2022-23) | Schooling Status (2023-24) | Class & Section to be Promoted | Status | Action |
|---|---|---|---|---|---|---|---|---|
| National Code - 20[redacted]4<br>State Code - 2403[redacted]3 | Student Name - T[redacted]<br>Gender - Female \| Date of Birth (DD/MM/YYYY) - 01[redacted]2016<br>Father's Name - B[redacted]<br>Mother's Name - AS[redacted] | Select | 0 | 0 | Select | Class : NA<br>Section : | Pending | Update<br>Correction |
| National Code - 207[redacted]71<br>State Code - 240[redacted]004 | Student Name - [redacted]TJI<br>Gender - Female \| Date of Birth (DD/MM/YYYY) - [redacted]<br>Father's Name - [redacted]<br>Mother's Name - VA[redacted]EN | Select | 0 | 0 | Select | Class : NA<br>Section : | Pending | Update<br>Correction |
| National Code - 20[redacted]3<br>State Code - 240[redacted] | Student Name - [redacted]<br>Gender - Male \| Date of Birth (DD/MM/YYYY) - 0[redacted]6<br>Father's Name - [redacted]<br>Mother's Name - [redacted] | Select | 0 | 0 | Select | Class : NA<br>Section : | Pending | Update<br>Correction |
| National Code - 20[redacted]<br>State Code - 240[redacted]2 | Student Name - [redacted]<br>Gender - Female \| Date of Birth (DD/MM/YYYY) - 1[redacted]6<br>Father's Name - [redacted]<br>Mother's Name - [redacted] | Select | 0 | 0 | Select | Class : NA<br>Section : | Pending | Update<br>Correction |
| National Code - 2[redacted]<br>State Code - 24[redacted] | Student Name - [redacted]<br>Gender - Male \| Date of Birth (DD/MM/YYYY) - 2[redacted]<br>Father's Name - [redacted]<br>Mother's Name - [redacted] | Select | 0 | 0 | Select | Class : NA<br>Section : | Pending | Update<br>Correction |

Items per page: 5 1 – 5 of 13




જેમાં શાળાએ સૌ પ્રથમ પેજના અંતે દર્શાવેલ items per pageમાં 100 પસંદ કરવું જેથી પેજમાં મહતમ ૧૦૦ વિદ્યાર્થીઓ સુધીની યાદી દર્શાવશે. પરંતુ જો શાળામાં ધોરણ-૧ના સેક્શન **<u>A</u>** માં ૪૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા તો પેજમાં ૪૦ વિદ્યાર્થીઓની યાદી દર્શાવશે.

હવે શાળાએ જે તે વિદ્યાર્થીની સામે **<u>Progression Status (2022-23)</u>**ની વિગતમાં નીચે દર્શાવેલ વિકલ્પ પૈકી એક વિકલ્પ પસંદ કરવાનો રહેશે.




- **<u>Promoted:</u>** શાળાએ આ વિકલ્પ ત્યારે પસંદ કરવાનો રહેશે કે જ્યારે વિદ્યાર્થીએ ગત શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩માં પરીક્ષા પાસ કરેલ હોય અને ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં આગળના ધોરણમાં **<u>Promote</u>** કરવાનો હોય.
- **<u>Not Passed:</u>** શાળાએ આ વિકલ્પ ત્યારે પસંદ કરવાનો રહેશે કે જ્યારે વિદ્યાર્થીએ ગત શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩માં પરીક્ષા પાસ કરેલ ન હોય અને તે જ ધોરણમાં રીપીટ કરવાનો હોય.
- **<u>Promoted without Examination:</u>** શાળાએ આ વિકલ્પ ત્યારે પસંદ કરવાનો રહેશે કે જ્યારે વિદ્યાર્થીએ બિમારી કે કોઈ અન્ય કારણોસર ગત શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩માં પરીક્ષા આપેલ ન હોય અને ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં આગળના ધોરણમાં **<u>Promote</u>** કરવાનો હોય.
- **<u>Discontinued before Examination:</u>** શાળાએ આ વિકલ્પ ત્યારે પસંદ કરવાનો રહેશે કે જ્યારે વિદ્યાર્થી ગત શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩માં પરીક્ષા પહેલા શાળાએ આવવાનું બંધ કરેલ હોય અને શાળામાંથી શાળા છોડયાનું પ્રમાણપત્ર લઈને અથવા શાળા છોડયાનું પ્રમાણપત્ર લીધા વગર શાળામાંથી જતા રહેલ હોય.
- **<u>Repeater by Choice:</u>** શાળાએ આ વિકલ્પ ત્યારે પસંદ કરવાનો રહેશે કે જ્યારે વિદ્યાર્થી અભ્યાસમાં નબળો હોય અને તેના માતા-પિતા/વાલી બાળકને ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં તે જ ધોરણમાં રીપીટ કરવા માંગતા હોય.

**<u>Marks % (2022-23):</u>** ની વિગતમાં શાળાએ ગત શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ની પરીક્ષામાં વિદ્યાર્થીએ મેળવેલ ગુણની ટકાવારી **(%)** દર્શાવવાની રહેશે.

**<u>No. of Days School attended (2022-23):</u>** ની વિગતમાં શાળાએ વિદ્યાર્થીની ગત શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩માં શાળામાં હાજર રહેલ દિવસોની સંખ્યા દર્શાવવાની રહેશે.

**<u>Schooling Status (2023-24):</u>** ની વિગતમાં શાળાએ ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં વિદ્યાર્થીની શાળાકીય સ્થિતિ દર્શાવવાની રહેશે.




- **<u>Studying in same school:</u>** શાળાએ આ વિકલ્પ ત્યારે પસંદ કરવાનો રહેશે કે જ્યારે વિદ્યાર્થી ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં આ જ શાળામાં અભ્યાસ કરી રહેલ હોય.
- **<u>Left school with TC/without TC:</u>** શાળાએ આ વિકલ્પ ત્યારે પસંદ કરવાનો રહેશે કે જ્યારે વિદ્યાર્થી શાળામાંથી શાળા છોડયાનું પ્રમાણપત્ર **(School Leaving Certificate)** લઈને અથવા લીધા વગર શાળામાંથી જતા રહેલ હોય.

**<u>Class & Section to be Promoted:</u>** ની વિગતમાં વિદ્યાર્થીને ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં આગળના ધોરણમાં **<u>Promote</u>** કરવાનો હોય તે ધોરણની વિગત આપો આપ આવી જશે જ્યારે સેક્શનની વિગત પસંદ કરવાની રહેશે.

ઉપરોક્ત તમામ વિગત ભર્યા બાદ 

બટન પર **<u>Click</u>** કરવાનું રહેશે.

**<u>Update</u>** બટન પર **<u>Click</u>** કર્યા બાદ **નીચે દર્શાવ્યા મુજબ** **<u>Dialog boxમાં Message</u>** આવશે. તેમજ વિદ્યાર્થીના **<u>Status</u>** ની વિગતમાં Done દર્શાવશે.





**<u>આમ શાળાએ ક્રમશ: દરેક ધોરણના તમામ વિદ્યાર્થીઓની વિગત પેજ નં. ૪ થી ૮ માં જણાવ્યા મુજબના Steps થી Update કરવાની રહેશે.</u>**

**દરેક ધોરણના સેકશન મુજબ તમામ વિદ્યાર્થીઓની વિગત** **Update** કર્યા બાદ જ પેજ ને અંતે દર્શાવેલ





બટન પર **Click** કરવાનું રહેશે. જેથી નીચે મુજબનું **Dialog box** ખૂલશે. જેમાં જે તે ધોરણ તથા સેકશનના **Update** કરેલ **વિદ્યાર્થીઓના Status મુજબ સંખ્યા દર્શાવશે.**





| Status | No of student |
|---|---|
| Promoted | 31 |
| Not Passed | 0 |
| Promoted without Examination | 0 |
| Left School before Examination | 0 |
| Repeater by Choice | 0 |
| Total | 31 |

શાળાએ **Confirm** બટન પર **Click** કર્યા પહેલા **વિદ્યાર્થીઓની** **Update** **કરેલ વિગતમાં કોઈ ભૂલ ન હોય તેની ખરાઈ કર્યા બાદ જ** **Confirm** બટન પર **Click** કરવાનું રહેશે.

આમ દરેક ધોરણના સેકશન મુજબ તમામ વિદ્યાર્થીઓની વિગત **Update** તથા **Finalize** કર્યા બાદ શાળાએ **View Summary** બટન પર **Click** કરવાનું રહેશે.




**<u>View Summary</u>** બટન પર **<u>Click</u>** કરતા શાળાએ **<u>Update</u>** કરેલ તમામ **વિદ્યાર્થીઓની Summary** દર્શાવતું પેજ ખૂલશે.



List of All Students 2022-23 with Promotion Activities

Back


Total Enrolments : 10 | Completed : 8 | Pending : 2 | School's Promotion has been Finalized.

Search

| Basic Details | Student National Code | Additional Details(2022-23) | Status | Promotion Details(2023-24) | Schooling Status (2023-24) |
|---|---|---|---|---|---|
| Name - **FAREEN KHAN** Gender - **Female** , DOB - **24/12/2004** | National ID - **44444444441** | Class - **Nursery/KG/PP3** Section - **A** | DONE | Promoted Class and Section - **PP-2 \| A** Marks in % (2022-23) - **58** Attendance (2022-23) - **220** Progression Status (2022-23) - **Promoted** | Studying in Same School |
| Name - **GFHGF** Gender - **Female** , DOB - **24/02/2019** | National ID - **33344455599** | Class - **Nursery/KG/PP3** Section - **A** | DONE | Promoted Class and Section - **PP-3 \| A** Marks in % (2022-23) - **0** Attendance (2022-23) - **124** Progression Status (2022-23) - **Discontinued before Examination** | School Details Left School with TC/without TC |
| Name - **ASHIQUI KUMARI** Gender - **Female** , DOB - **25/04/2006** | National ID - **33344455560** | Class - **LKG/KG1/PP2** Section - **A** | DONE | Promoted Class and Section - **PP-1 \| A** Marks in % (2022-23) - **12** Attendance (2022-23) - **123** Progression Status (2022-23) - **Promoted** | Studying in Same School |
| Name - **ASHIRA KHAN** Gender - **Female** , DOB - **07/06/2005** | National ID - **44444444443** | Class - **I** Section - **A** | PENDING | Promoted Class and Section - **\| A** Marks in % (2022-23) - **0** Attendance (2022-23) - **0** Progression Status (2022-23) - **NOT DEFINED** | NA |
| Name - **MINU PUSHAPD** Gender - **Female** , DOB - **23/11/2004** | National ID - **44444444442** | Class - **I** Section - **A** | PENDING | Promoted Class and Section - **\| A** Marks in % (2022-23) - **0** Attendance (2022-23) - **0** Progression Status (2022-23) - **NOT DEFINED** | NA |
| Name - **AVANI UPADHYAY** Gender - **Female** , DOB - **01/09/2005** | National ID - **44444444447** | Class - **XII** Section - **A** | DONE | Promoted Class and Section - **XII \| A** Marks in % (2022-23) - **0** Attendance (2022-23) - **111** Progression Status (2022-23) - **Discontinued before Examination** | School Details Left School with TC/without TC |
| Name - **AYUSH JAYASWAL** Gender - **Male** , DOB - **22/05/2006** | National ID - **44444444446** | Class - **XII** Section - **A** | DONE | Promoted Class and Section - **XII \| A** Marks in % (2022-23) - **0** Attendance (2022-23) - **55** Progression Status (2022-23) - **Repeater by Choice** | School Details Left School with TC/without TC |

શાળાએ ઉપરોક્ત પેજમાં દર્શાવ્યા મુજબના તમામ ધોરણના **વિદ્યાર્થીઓની <u>Update</u>** કરેલ વિગતોની ચોકસાઈ પૂર્વક ખરાઈ કર્યા બાદ **<u>Finalize Progression</u>** બટન પર **<u>Click</u>** કરવાનું રહેશે.

**<u>Finalize Progression</u>** બટન પર **<u>Click</u>** કરતા નીચે મુજબનું પેજ ખૂલશે.



Finalize progression for Academic Year 2022-23

**Please read the following points before completion of "Progression Module"**

1. The promotion module will be deactivated for your school.
2. The Import module will be activated for your school.
3. No additional will be permitted for any student.
4. The activities for the 2023-24 academic year will be enable for your school
5. Once the progression module has been marked as completed, it will not be reopened during this Academic year.


☐ I hereby declare that the Data is free from any kind of Errors and inconsistencies.

Submit

શાળાએ **<u>Submit</u>** બટન પર **<u>Click</u>** કર્યા પહેલા શાળાના દરેક ધોરણના તમામ સેક્શનના દરેક **વિદ્યાર્થીઓની ભરેલ વિગતની ખરાઈ કરવાની રહેશે.**


એક વખત શાળાએ **<u>Submit</u>** કર્યા બાદ શાળાના **Login**માં **<u>Promotion Module</u>** નો વિકલ્પ બંધ એટલેકે **<u>Deactivate</u>** થઈ જશે. ત્યારબાદ શાળા કોઈ **વિદ્યાર્થીને** **<u>Promote</u>** કરી શકશે નહીં. જેથી શાળાએ તમામ **વિદ્યાર્થીને** Promote કરેલ છે કે નહીં તેની ખાત્રી કર્યા બાદ જ **<u>Submit</u>** કરવાનું રહેશે.

શાળા દ્વારા **<u>Submit</u>** કર્યા બાદ નીચે મુજબ School's Promotion has been Finalized.




# અન્ય શાળામાંથી આવેલ વિદ્યાર્થીને શાળામાં દાખલ કરવા અંગેની Process

**વિદ્યાર્થીઓને** **Promote** કરવાની કામગીરી પૂર્ણ થયા બાદ શાળાએ ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં અન્ય શાળામાંથી આવેલ **વિદ્યાર્થીઓને પોતાની શાળામાં લેવા માટે પેજ નં. ૪ માં દર્શાવેલ ત્રણ ICON પૈકી Import Module ICON ના** **Go** બટન પર **Click** કરવાનું રહેશે.




**Go** બટન પર **Click** કરતા નીચે દર્શાવ્યા મુજબનું પેજ ખૂલશે. જેમાં વિદ્યાર્થીનો **National Code** તથા જન્મતારીખની વિગત દાખલ કરી **Go** બટન પર **Click** કરવાનું રહેશે.




**અન્ય શાળામાંથી આવેલ** વિદ્યાર્થીને શાળામાં દાખલ કરવા શાળાએ સૌ પ્રથમ વિદ્યાર્થીનો **National Code** મેળવવાનો રહેશે.

**વિદ્યાર્થીનો National Code બે રીતે મેળવી શકાય છે.**


પ્રથમ રીતમાં ઉપરોક્ત દર્શાવેલ **Import Module** ના પેજમાં દર્શાવેલ **Get National Code** બટન પર **Click** કરવાનું રહેશે.

**Get National Code** બટન પર **Click** કરતા નીચે દર્શાવ્યા મુજબનું પેજ ખૂલશે.




જેમાં વિદ્યાર્થીનો ભારત સરકારનો આધાર કાર્ડ નંબર તથા જન્મતારીખ દાખલ કરી **Search** બટન પર **Click** કરતા ઉપરોક્ત પેજમાં દર્શાવ્યા મુજબ વિદ્યાર્થીનો **National Code** દેખાશે.


**અન્ય બીજી રીતે વિદ્યાર્થીનો <u>National Code</u> મેળવવા માટે શાળાએ પેજ નં. ૪ માં દર્શાવેલ ત્રણ ICON પૈકી Drop box/Inactive Student List ICON ના <u>Go</u> બટન પર <u>Click</u> કરવાનું રહેશે.**




**Drop box/Inactive Student List ICON ના <u>Go</u> બટન પર <u>Click</u> કરતા નીચે મુજબનું પેજ ખૂલશે.**




જેમાં અન્ય શાળામાંથી આવેલ વિદ્યાર્થીનો **<u>National Code</u>** મેળવવા માટે વિદ્યાર્થીએ ગત શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ જે શાળામાં અભ્યાસ કરેલ તે શાળાનો કોડ અથવા જિલ્લા, તાલુકા અને શાળા પસંદ કરી **<u>Go</u>** બટન પર **<u>Click</u>** કરતા નીચે મુજબનું પેજ ખૂલશે. જેમાં પસંદ કરેલ શાળામાંથી શાળા છોડયાનું પ્રમાણપત્ર **(School Leaving Certificate)** લઈને અથવા લીધા વગર શાળામાંથી જતા રહેલ હોય તેવા વિદ્યાર્થીની યાદી દર્શાવશે.



Dropbox/Inactive Student List (2023-24)

Search with UDISE Code* | District*: TEST DISTRICT | Block*: TEST BLOCK -3 | School*: 99010200102 - DURAICH... | Search | Back

Search

School Name : **99010200102 - DURAICHARA SHIBBARI HIGH SCHOOL**


| National Code | Student Name | Father's Name | Mother's Name | Previous Class | Eligible Class | Aadhaar No. | Eligible to Import |
|---|---|---|---|---|---|---|---|
| 33344455599 | GFHGF | MGFSG | NCBFGC | PP-3 | PP-3 | | Allowed |
| 44444444442 | MINU PUSHAPD | MUKESH PUSHPAD | KUSUM PUSHPAD | I | VII | ********0778 | Allowed |
| 44444444447 | AVANI UPADHYAY | GURU DATTA UPADHYAY | RANI UPADHYAY | XII | XII | ********0576 | Allowed |
| 44444444446 | AYUSH JAYASWAL | SHANTI LAL JAYASWAL | SEEMA JAYASWAL | XII | XII | ********2359 | Allowed |
| 44444444448 | HARSHAL SOLANKI | PARAG SOLANKI | PRIYA SOLANKI | XII | XII | ********9451 | Allowed |
| 44444444445 | PAYAL VISHVAKARMA | SAGAR VISHVAKARMA | ASHA VISHVAKARMA | XII | XII | ********0539 | Allowed |

Items per page: 10 | 1 – 6 of 6


ઉપરોક્ત પેજમાં એવા વિદ્યાર્થીની યાદી દર્શાવશે કે જેમાં જે તે શાળા દ્વારા **School Leaving Certificate** લઈને અથવા લીધા વગર શાળામાંથી જતા રહેલ હોય તેવા વિદ્યાર્થીને આગળના ધોરણમાં Promote કરવાની કામગીરી પૂર્ણ કરી હોય.

ઉકત પેજમાં વિદ્યાર્થીનો National Code, વિદ્યાર્થીનું નામ, પિતાનું નામ, માતાનું નામ, વિદ્યાર્થીનું ગત શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩નું ધોરણ, હાલનું ૨૦૨૩-૨૪ મુજબ ધોરણ, વિદ્યાર્થીનો આધાર કાર્ડ નંબર અને શાળામાં દાખલ કરવા યોગ્ય (Eligible to Import) વગેરે વિગત દર્શાવેલ હશે.

આમ શાળાએ બે રીત પૈકી કોઈ એક રીતથી વિદ્યાર્થીનો National Code જાણ્યા બાદ પેજ નં. ૧૨માં જણાવ્યા મુજબ **IMPORT MODULE**ના પેજમાં નીચે દર્શાવ્યા મુજબ વિદ્યાર્થીનો National Code તથા જન્મતારીખ દાખલ કરી **Go** બટન પર **Click** કરવાનું રહેશે.




**Go** બટન પર **Click** કરતા નીચે મુજબ વિદ્યાર્થીની વિગત દર્શાવતું પેજ ખૂલશે.




જેમાં વિદ્યાર્થીની ગત વર્ષ ૨૦૨૨-૨૩ની શાળાનું નામ, ગત વર્ષમાં અભ્યાસનું ધોરણ, શાળાનો કોડ, વિદ્યાર્થીનું નામ, લિંગ, જન્મતારીખ, વિદ્યાર્થીનો નેશનલ તેમજ રાજ્ય કોડ, માતાનું નામ, પિતાનું નામ, આધાર કાર્ડ નંબર, આધાર કાર્ડ મુજબ વિદ્યાર્થીનું નામ અને ગત શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩માં વિદ્યાર્થીની સ્થિતી વગેરે જેવી વિગત દર્શાવશે.


હવે શાળાએ વિદ્યાર્થીને દાખલ કરવા વિદ્યાર્થીના ગત વર્ષ ૨૦૨૨-૨૩ના **Progression Status**ની માહિતી, ૨૦૨૨-૨૩માં મેળવેલ ગુણની ટકાવારી, વિદ્યાર્થીની ગત વર્ષની હાજરીના દિવસો, ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં વિદ્યાર્થીને દાખલ કરવાનો હોય તે ધોરણ તથા સેકશનની વિગત અને શાળામાં વિદ્યાર્થીની પ્રવેશ/દાખલ થયા તારીખની વિગતો ભરી **Import** બટન પર **Click** કરતા વિદ્યાર્થી હાલની શાળામાં દાખલ થઈ જશે.

**શાળાએ ઉપરોક્ત પ્રક્રિયા ક્રમશ: અન્ય શાળામાંથી આવેલ દરેક વિદ્યાર્થીને દાખલ કરવા કરવાની રહેશે.**

# Transfer Certificate Module

શાળાએ આ મોડયૂલનો ઉપયોગ ફકત ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન અભ્યાસ કરતા વિદ્યાર્થી કે જેઓએ શાળા અધ વચ્ચેથી છોડી દીધેલ હોય અથવા ડ્રોપ આઉટ થયેલ હોય અથવા વિદ્યાર્થી મૃત્યુ પામેલ હોય.

**Transfer Certificate module**માં જવા શાળાએ પેજ નં. ૪ માં દર્શાવ્યા મુજબ **કરવા પેજની ડાબી બાજુએ દર્શાવેલ** **<u>Transfer Certificate module</u>** બટન પર **<u>Click</u>** કરતા નીચે મુજબનું પેજ ખૂલશે.





**Left School already with TC :** Option to be marked for Students who have already taken Transfer Certificate (TC) and left from this School in academic year 2023-24

**Issue New TC :** Option to be marked for Students who have Applied for Transfer Certificate (TC) and TC to be issued for Academic year 2023-24 from this school

**Mark Dropout :** Option to be marked for Students who are known or unknown Dropout from this School. Definition of Dropout to be followed strictly in this case

**Mark in-Active :** Option to be marked when Student is Passed Away / Junk / Duplicate in this School.


હવે શાળાએ જે વિદ્યાર્થી ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન શાળા અધ વચ્ચેથી છોડી દીધેલ હોય અથવા ડ્રોપ આઉટ થયેલ હોય અથવા વિદ્યાર્થી મૃત્યુ પામેલ હોય તે વિદ્યાર્થીનો **<u>National Code</u>** એન્ટર કરી **<u>Go</u>** બટન પર **<u>Click</u>** કરતા વિદ્યાર્થીની વિગત દર્શાવતુ નીચે મુજબ પેજ ખૂલશે.




ઉપરોક્ત પેજમાં વિદ્યાર્થીનો નેશનલ કોડ, વિદ્યાર્થીનું નામ, જન્મતારીખ, વિદ્યાર્થીનું હાલનું ધોરણ અને સેકશન તથા વિદ્યાર્થીની સ્થિતી વગેરે દર્શાવેલ છે. જેમાં પેજની નીચે **<u>૪ વિકલ્પ</u>** જોવા મળશે.


- **<u>Left School already with TC:</u>** શાળાએ આ વિકલ્પ ત્યારે પસંદ કરવાનો રહેશે કે જ્યારે વિદ્યાર્થી ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન શાળામાંથી શાળા છોડયાનું પ્રમાણપત્ર **(School Leaving Certificate)** લઈને જતા રહેલ હોય.
- **<u>Issue New TC:</u>** શાળાએ આ વિકલ્પ ત્યારે જ પસંદ કરવાનો રહેશે કે જ્યારે વિદ્યાર્થીએ ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન શાળા છોડયાનું પ્રમાણપત્ર **(School Leaving Certificate)** મેળવવા અંગેની અરજી કરેલ હોય અને શાળા દ્વારા **School Leaving Certificate કાઢી આપેલ** હોય.
- **<u>Mark Dropout:</u>** શાળાએ આ વિકલ્પ ત્યારે પસંદ કરવાનો રહેશે કે જ્યારે વિદ્યાર્થી ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન શાળામાંથી ડ્રોપ આઉટ થયેલ હોય એટલેકે વિદ્યાર્થીએ **School Leaving Certificate મેળવ્યા વગર** શાળામાંથી અધ વચ્ચેથી અભ્યાસ કરવાનું છોડી દીધેલ હોય અથવા શાળાએ આવતો ન હોય.
- **<u>Mark in-Active:</u>** શાળાએ આ વિકલ્પ ત્યારે પસંદ કરવાનો રહેશે કે જ્યારે વિદ્યાર્થી ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન મૃત્યુ પામેલ હોય **<u>અથવા</u>** શાળાએ વિદ્યાર્થીની ખોટી **<u>અથવા</u>** ડુપ્લીકેટ એન્ટ્રી કરેલ હોય.

શાળા દ્વારા **Left School already with TC** બટન પર **Click** કરતા નીચે મુજબ **Dialog Box**માં **Message** દેખાશે.





**Confirm** બટન પર **Click** કરતા વિદ્યાર્થી શાળામાંથી નીકળી **Drop box/Inactive Student List**માં જતો રહેશે.

શાળા દ્વારા **Mark Dropout** બટન પર **Click** કરતા નીચે મુજબ **Dialog Box**માં **Message** દેખાશે.




**Confirm** બટન પર **Click** કરતા વિદ્યાર્થી શાળામાંથી નીકળી **Drop box/Inactive Student List**માં જતો રહેશે.

શાળા દ્વારા **Mark in-Active** બટન પર **Click** કરતા નીચે મુજબ **Dialog Box**માં **Message** દેખાશે.




**Confirm** બટન પર **Click** કરતા વિદ્યાર્થી સિસ્ટમમાંથી કાયમી **Delete** થઈ જશે. જેથી શાળા વિદ્યાર્થીને પરત શાળામાં દાખલ કરી શક્શે નહીં.



*TEAM MIS_GUJARAT*

UDISE+

Department of School Education & Literacy
Ministry of Education
Government of India